# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-01-2025** **Evening: 7.50 TO 8.00**

**Day : SUNDAY** **National News**

**આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.**

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભને સમાનતા અને સંવાદિતાનો અસાધારણ સંગમ ગણાવ્યો

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે આપત્તિ વ્યવસ્થાપન શૂન્ય જાનહાનિના અભિગમમાં પરિવર્તન પામ્યું છે

3) કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડાએ આજે અમદાવાદમાં સિપેટ ખાતે સંસ્થાનાં વિવિધ કેન્દ્રોનું ઉદઘાટન કર્યું

4) હવામાન વિભાગે પશ્ચિમી હિમાલય, જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં આગામી પાંચ દિવસ સુધી વરસાદ અને બરફવર્ષાની આગાહી કરી

5) પ્રથમ મહિલા ખો-ખો વિશ્વકપમાં નેપાળને હરાવીને ભારતનો વિજય

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MAN KI BAAT-1

આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમના 118મી કડીમાં રાષ્ટ્રને સંબોધન કરતાં , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભને સમાનતા અને સંવાદિતાનો અસાધારણ સંગમ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે કુંભની વૈશ્વિક લોકપ્રિયતા દરેક ભારતીય માટે ગર્વની વાત છે. શ્રી મોદીએ જણાવ્યું કે કુંભ, પુષ્કરમ અને ગંગા સાગર મેળાના તહેવારો સામાજિક સંકલન, સંવાદિતા અને એકતાને વધારે છે. કુંભમાં યુવાનોની ભાગીદારી અંગે શ્રી મોદીએ કહ્યું કે, જ્યારે યુવા પેઢી પોતાની સભ્યતા સાથે ગર્વથી જોડાય છે,ત્યારે તેના મૂળ મજબૂત બને છે.

**(BYTE: PM-MAHAKUMBH-YOUTH)**

પ્રધાનમંત્રીએ 75મા પ્રજાસત્તાક દિવસની અગાઉથી શુભેચ્છાઓ પાઠવતા બંધારણ ઘડવામાં યોગદાન આપનારા બંધારણ સભાના સભ્યોને યાદ કર્યા હતા. પ્રધાનમંત્રીએ બાબા સાહેબ આંબેડકર, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અને ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીને યાદ કરીને કહ્યું કે નાગરિકોએ આ મહાન નેતાઓના વિચારોમાંથી પ્રેરણા લેવી જોઈએ.

**(BYTE: PM-SAMVIDHAN)**

# MAN KI BAAT-2

શ્રી મોદીએ 25 જાન્યુઆરીએ ઉજવાતા રાષ્ટ્રીય મતદાતા દિવસના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો. ચૂંટણી પંચની ભૂમિકા અને યોગદાનની પ્રશંસા કરતા શ્રી મોદીએ કહ્યું કે, બંધારણના ઘડવૈયાઓએ બંધારણમાં ચૂંટણી પંચને અને લોકશાહીમાં લોકોની ભાગીદારીને ખૂબ જ મહત્વપૂર્ણ સ્થાન આપ્યું છે. ભારતને લોકશાહીની જનની ગણાવતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશમાં લોકશાહી મજબૂત અને સમૃદ્ધ બની છે.

સ્ટાર્ટ-અપ ઈન્ડિયાના નવ વર્ષ પૂર્ણ થવા પર, પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશની સ્ટાર્ટ-અપ સંસ્કૃતિ ફક્ત મોટા શહેરો સુધી મર્યાદિત નથી પણ તેનું વિસ્તરણ થયું છે. તેમણે કહ્યું કે કચરાનું  વ્યવસ્થાપન, બિન-નવીનીકરણીય ઉર્જા, બાયોટેકનોલોજી અને લોજિસ્ટિક્સ એવા ક્ષેત્રો છે જેમાં સૌથી વધુ સ્ટાર્ટ-અપ્સ નોંધાઈ રહ્યા છે.

**(BYTE: PM--START—UP)**

# REV-DAY-SHAH-ANDHRA-PRADESH-VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે આપત્તિ વ્યવસ્થાપનનો અભિગમ રાહત કેન્દ્રિતથી શૂન્ય જાનહાનિના અભિગમમાં પરિવર્તન પામ્યો છે. શ્રી શાહે આજે વિજયવાડામાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ - NDRFના 20મા સ્થાપના દિવસની ઉજવણી સમારોહમાં સંબોધન કરતાં  આ મુજબ જણાવ્યું હતું. તેમણે તાજેતરના ચક્રવાતમાં શૂન્ય જાનહાનિ સુનિશ્ચિત કરવા બદલ NDRFની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે NDRF ભારતની સરહદોની બહાર તેની સેવાઓનો વિસ્તાર કરી રહ્યું છે.

વધુમાં તેમણે આ મુજબ જણાવ્યું ..

**(BYTE: AMIT SHAH)**

# PM--NDRF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ NDRFના સ્થાપના દિવસ પર NDRFની કામગીરીની પ્રશંસા કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ NDRFના બહાદુર કર્મચારીઓની હિંમત, સમર્પણ અને નિઃસ્વાર્થ સેવાની પ્રશંસા કરી હતી.

# MAHA-KUMBH-FIRE

પ્રયાગરાજમાં મહાકુંભ મેળા વિસ્તારના સેક્ટર 19માં આજે આગ લાગી હતી, જેને થોડા સમયમાં કાબુમાં લઈ લેવામાં આવી હતી. આ દુર્ઘટનામાં એક વ્યક્તિ ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે જેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રાથમિક માહિતી મુજબ તંબુમાં ભોજન બનાવતી વખતે આગ લાગી હતી.

મહાકુંભ 2025ના સત્તાવાર X હેન્ડલ પર કરાયેલી પોસ્ટ અનુસાર વહીવટીતંત્રને પરિસરમાં આગની માહિતી મળતાની સાથે જ  તાત્કાલિક આગ પર કાબુ મેળવી લેવાયો હતો. દરમ્યાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે ટેલિફોન ઉપર આ દુર્ઘટના અંગે માહિતી મેળવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટેઅમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# J P NADDA CIPET

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડાએ આજે અમદાવાદમાં સિપેટ- ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોકેમિકલ્સ ટેકનોલોજી ખાતે સંસ્થાનાં વિવિધ કેન્દ્રોનું ઉદઘાટન કર્યું હતું. શ્રી નડ્ડાએ સિપેટની કેલિબ્રેશન લેબોરેટરી અને ભાગલપુર ખાતે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ સેન્ટરનું વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યું હતું.

# REV.-SAIF-ATTACKER

અભિનેતા સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં, પોલીસે મહારાષ્ટ્રના થાણેથી મોહમ્મદ શરીફુલ ઇસ્લામ શહજાદ નામના એક વ્યક્તિની ધરપકડ કરી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી દીક્ષિત ગેદામે જણાવ્યું  કે, પ્રાથમિક પુરાવાને આધારે આરોપી મૂળ  બાંગ્લાદેશનો હોવાનું સામે આવ્યું છે.તેની પાસે કોઈ માન્ય ભારતીય દસ્તાવેજો મળ્યા નથી.આરોપીને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે

# EPFO

કર્મચારી ભવિષ્યનિધી સંગઠન- EPFO એ સભ્યોનાં પ્રોફાઇલમાં ફેરફાર કરવા માટેની ઓનલાઇન પ્રક્રિયા સરળ બનાવી છે.

જેમનાં યુનિવર્સલ એકાઉન્ટ નંબરને આધાર દ્વારા માન્ય કરવામાં આવ્યા છે તેવા સભ્યો દસ્તાવેજોને અપલોડ કર્યા વિના નામ, જન્મતારીખ, લિંગ, રાષ્ટ્રીયતા, પિતા કે માતાનું નામ જેવી વિગતો અપડેટ કરી શકે છે.

શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું છે કે, આ ફેરફારથી એવા ત્રણ લાખ ૧૦ હજાર સભ્યોને લાભ થશે, જેમની અરજીઓ વિવિધ તબક્કામાં અનિર્ણીત છે.

# IMD - WESTERN DISTURBANCE

હવામાન વિભાગે પશ્ચિમી વિક્ષોભને પગલે પશ્ચિમી હિમાલય, જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં આગામી પાંચ દિવસ સુધી વરસાદ અને બરફવર્ષાની આગાહી કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડોક્ટર નરેશ કુમારે જણાવ્યું કે, 22 અને 23 જાન્યુઆરીનાં રોજ પંજાબ, હરિયાણા, પશ્ચિમી ઉત્તરપ્રદેશ, દિલ્હી- એનસીઆર અને ઉત્તર રાજસ્થાનમાં વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગે આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતનાં મેદાની વિસ્તારોમાં લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનાં વધારાની આગાહી કરી છે. વધુમાં તેણે જણાવ્યું છે કે, આગામી બેથી ત્રણ દિવસ સુધી ઉત્તરાખંડ, પશ્ચિમી રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ સહિતનાં કેટલાંક રાજ્યોમાં ગાઢ ધુમ્મસની સ્થિતિ રહેશે.

# KHO KHO WORLD CUP

નવી દિલ્હીમાં રમાયેલી મહિલાઓની ખોખો વિશ્વકપની ફાઇનલમાં ભારતીય ટીમે નેપાળને પરાજય આપીને સ્પર્ધા જીતી લીધી છે. પ્રથમ ખો-ખો વિશ્વકપમાં ભારતે ૩૪ પોઇન્ટનાં માર્જિનથી વિજય મેળવ્યો છે.

પુરુષોની ખો-ખોની ફાઇનલમાં ભારતની ટીમ નેપાળ સામે રમશે. મેચ થોડી વાર પહેલાં શરૂ થઈ છે.

# ICC U 19 WOMEN'S CRICKET

મહિલાઓ માટેની આઇસીસી અન્ડર 19 ટી-20 ક્રિકેટમાં કુવાલા લુમ્પુરના બેઉમાસ ઓવલ ખાતે રમાયેલી મેચમાં ભારતે વેસ્ટ ઇન્ડિઝને નવ વિકેટે પરાજય આપ્યો હતો. વેસ્ટ ઇન્ડિઝ 13.2 ઓવરમાં માત્ર 44 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ભારતે 4.2 ઓવરમાં એક વિકેટ ગુમાવીને લક્ષ્ય પ્રાપ્ત કરી લીધો હતો.

# US-TIKTOK-BAN

અમેરિકામાં ટિકટોક એપ પરનો પ્રતિબંધ આજથી લાગુ થઈ ગયો છે. આ પ્રતિબંધ ડોનાલ્ડ ટ્રમ્પના શપથગ્રહણ સમારોહના એક દિવસ પહેલા લાગુ થયો છે. એક સમાચાર એજન્સીને આપેલા ઇંટરવ્યૂમાં ટ્રમ્પે જણાવ્યું કે તેઓ ટિકટોકને ૯૦ દિવસનું એક્સટેન્શન આપવાનું વિચારી રહ્યા છે જેનાથી તે તેમનું કામ કરી શકે. ટિકટોકના મુખ્ય વહીવટી અધિકારી શૂ ચ્યૂ ડોનાલ્ડ ટ્રમ્પના શપથગ્રહણ સમારોહમાં હાજર રહેવાની શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે આ પ્રતિબંધ ઘણા મહિનાઓ સુધી ચાલેલી કાયદાકીય લડત અને ટિકટોકના ચીનની માલિકી પરની કડક તપાસ બાદ લગાવાયો છે.